# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,

સીદ-, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત
Email ID:- swo-sur@gujarat.gov.in ફોન નં ૨૪૬૪૪૩૦ -- ૦૨૬૧ .

નં.ના.નિ.અજાક/પ્રિ-મેટ્રિક/2024-25/ 1555 - 1557 તા:-૩૦/૦૫/૨૦૨૪

**સમયમર્યાદા/તાત્કાલિક**

પ્રતિ,
આચાર્યશ્રી..........
................. માધ્યમિક શાળા (તમામ) , સુરત
જિ - સુરત

વિષય :- અનુસૂચિત જાતિની ધો-૦૯ની વિધાર્થીનીઓની સરસ્વતી સાધના યોજનાની સાયકલની પ્રપોઝલ તાત્કાલિક બનાવવા બાબત

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અનુસૂચિત જાતિની ધો-૦૯ની વિધાર્થીનીઓની સરસ્વતી સાધના(સાયકલ) યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ: ૨૦૨૩-૨૪ અંતર્ગત શાળા કક્ષાએ અનુસૂચિત જાતિની ધો-૦૯ની વિધાર્થીનીઓની સરસ્વતી સાધના યોજનાની સાયકલની ઘણી દરખાસ્તો પડતર રહેલ છે તેવું જણાયેલ છે. જેની કામગીરી માર્ચ -૨૦૨૪ પહેલા પુર્ણ કરવાની હોય છે પરંતુ હજુ સુધી જિલ્લાની માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ દ્વારા સાયકલની પ્રપોઝલ બનાવવામાં આવેલ નથી.જેથી અનુસૂચિત જાતિની ધો-૦૯ની વિધાર્થીનીઓની સરસ્વતી સાધના યોજનાનો **સુરત જિલ્લાનો લક્ષ્યાંક ૩૮૭ હતો જે પૈકી મળેલ પ્રપોઝલ ૨૨૮ જ છે. હજુ ૧૫૯ પ્રપોઝલ બનાવવા પર બાકી છે** તેની પ્રપોઝલ બનાવી તાત્કાલિક દિન-૨ માં જિલ્લા કક્ષાએ મોકલી આપવી. આમ ,વર્ષ ૨૦૨૩-૨૪ની સાયકલની બાકી કામગીરી ઝડપથી પુર્ણ થાય અને કન્યાઓને સાયકલનો લાભ આપી શકાય જે અંગે સરકારશ્રીની સ્પષ્ટ સુચના હોય. આપની કક્ષાએથી ઘટતુ કરવા વિનંતી. ઉક્ત કામરીગી નિયત સમય મર્યાદામાં નહી થાય તો તે અંગેની જવાબદારી સબંધિત શાળાના આચાર્યાશ્રીની રહેશે.

વધુ માં જણાવવાનું કે જે શાળામાં જે-તે વિધ્યાર્થીનીને મળવાપાત્ર સાયકલની પ્રપોઝલ ઓનલાઇન બનતી ન હોય તો તેની ઓફલાઇન દરખાસ્ત બનાવી ઉપર મુજબના સરનામે મોકલી આપવી અને છતાં પણ કોઇ સદર બાબતે મુજવણ હોય તો મો.નં. ૭૬૯૮૩૦૩૦૮૮ પર સંપર્ક કરવો અને પડતર કામગીરી પુર્ણ કરવી .

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

નોંધ - ધોરણ - ૦૯ની SC વિદ્યાર્થીનીઓની ખાનગી, ગ્રાંટેડ, સરકારી તમામ શાળાઓએ પ્રપોઝલ [illegible] કરી શકશે.

નકલ સવિનય રવાના:
૧) મે.નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર ,તરફ જાણ સારૂ...

નકલ રવાના:
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત ,વેબસાઇટ પર મુકવા સારૂ, તેમજ આપની કક્ષાએથી સુચના આપી કાર્યવાહી કરવા સારુ...